ISSN: 2349-6002

# A Comparative Study of The Adjustment Among Normal and Physically Challenged Students

Gohil Kajalben Nareshbhai[1], Dr. Nikita Sureshbhai Sonara[2]
[1]PH.D. Research Scholar, Department of Psychology, Shri Govind Guru, University, Vinzol, Godhara.
[2]Assistant Professor, Department of Psychology, Government Arts College, Gandhinagar
doi.org/10.64643/IJIRTV12I8-191152-459

***સારાંશ –*****પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ સાધારણ અને શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત વિદ્યાર્થીઓમાં સમાયોજનનો અભ્યાસ કરવાનો છે. આ સંશોધનમાં ડૉ.પેની જૈન (1989) દ્વારા રચિત સમાયોજન સંશોધનિકા નો ઉપયોગ કરવામાં આવ્યો.2021 માં ભાષાનુંવાદ અને ભાવાનુંવાદ કરી પ્રમાણિત ગુજરાતી અનુવાદનો ઉપયોગ કરવામાં આવ્યો છે અહીં કુલ 120 નો નિદર્શ પસંદ કરવામાં આવ્યો છે. જેમાં 60 સાધારણ (છોકરા-છોકરી) અને શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત (છોકરા-છોકરી) ઓ પસંદ કરવામાં આવ્યા. જાતિના સંદર્ભમાં છોકરા-છોકરીઓના સમાયોજન વચ્ચે સરાસરી અને 't' મૂલ્ય 0.51છે.0.05 લેવલે અસાર્થકતા ધરાવે છે, બાળકનો પ્રકાર સાધારણ અને શારીરિક રીતે ક્ષિતિ ગ્રસ્ત ના આધારે સમાયોજન વચ્ચે સરાસરી અને 't' મૂલ્ય 3.03 છે 0.05 લેવલે સાર્થકતા ધરાવે છે. જાતિ અને બાળકના પ્રકાર ના આધારે સમાયોજના વચ્ચે સરાસરી અને 't' મૂલ્ય 3.06 છે 0.05 લેવલે સાર્થકતા ધરાવે છે, સાધારણ અને શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત (છોકરા- છોકરીઓ) ના સમાયોજન વચ્ચે સરાસરી અને 't' મૂલ્ય 2.28 છે 0.05 લેવલે સાર્થકતા ધરાવે છે.**

***ચાવીરૂપ શબ્દો–*****સાધારણ વિદ્યાર્થી, શારીરિકરીતે ક્ષતિગ્રસ્ત વિદ્યાર્થી, છોકરા-છોકરી, સમાયોજન**

## પ્રસ્તાવના

આધુનિક સમાજ જીવન વધુને વધુ જટિલ બનતું જાય છે વર્તમાન પ્રણાલીમાં જીવતો માનવી જીવનના વિવિધ ક્ષેત્રે કામ કરતો જોવા મળે છે દરેક માનવીએ માનવ વિકાસની અવસ્થામાંથી પસાર થવું પડે છે અને તેમાં પણ બધી જ વિકાસની અવસ્થાઓ સાથે સમાયોજન એ એક અત્યંત મહત્વપૂર્ણ મનોવૈજ્ઞાનિક પરિભાવ જણાવી શકાય નવજાત શિશુથી લઈને વૃદ્ધ વ્યક્તિ સુધીના દરેક વ્યક્તિને સમાયોજનનો પ્રશ્ન સતાવતો હોય છે કુટુંબ, શાળા , કોલેજ, વ્યવસાય વગેરે જેવા ક્ષેત્રે વ્યક્તિએ તેને અનુરૂપ પોતાનું વર્તન ઢાળવું પડતું હોય છે ખાસ કરીને શાળા અને કોલેજોમાં સમાયોજન વિદ્યાર્થીઓની શૈક્ષણિક સફળતા સામાજિક વ્યવહાર ભાવનાત્મક સ્થિરતા અને વ્યક્તિત્વના પૂર્ણ વિકાસને અસર કરે છે દરેક વિદ્યાર્થીએ શૈક્ષણિક વાતાવરણ સાથે સુસંગત થવું આવશ્યક બની જાય છે પરંતુ આ પ્રક્રિયા વ્યક્તિગત ક્ષમતા, નવીન પરિસ્થિતિ, અનુભવ અને શારીરિક-માનસિક લક્ષણોને આધારે દરેક વ્યક્તિમાં અલગ-અલગ જોવા મળે છે. આપણી આજુબાજુ ના સમાજમાં બે મહત્વપૂર્ણ વર્ગો જોવા મળે છે તેમાં સાધારણ વર્ગ અને બીજા વર્ગોમાં શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત વર્ગનો સમાવેશ કરવામાં આવે છે સાધારણ એટલે એવા વ્યક્તિઓ જેમને કોઈ શારીરિક બીમારી કે ખોડખાપણ ન હોય અને શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત એટલે જન્મજાત કે અકસ્માત દ્વારા આવેલ ક્ષતિ. સમાજના આ બંને વર્ગોએ પોતાની વ્યક્તિગત ક્ષમતા ને ધ્યાનમાં રાખી સમાયોજન સાધવાનું હોય છે સાધારણ વ્યક્તિઓની તુલનાએ શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત

 ISSN: 2349-6002

વ્યક્તિઓએ સામાજિક, શૈક્ષણિક, વ્યવસાયિક અને વ્યક્તિગત જીવનમાં દરેક ક્ષેત્રે સમાયોજન સાધવામાં અડચણો ઉપસ્થિત થતી જોવા મળે છે ખાસ કરીને શાળા કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં વધુ સમાયોજન માંગી લે છે સાધારણ વિદ્યાર્થીઓની તુલનાએ શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત વિદ્યાર્થીઓએ શાળાના વાતાવરણ, સામાજિક સંપર્કો અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ભાગ લેતા સમયમાં ખાસ પડકારો અનુભવતા હોય છે. આવી પરિસ્થિતિઓ તેમનો સમાયોજનના સ્તર પર સીધી અસર કરે છે.

શારીરિક રીતે સશક્ત, સુંદર અને સ્વસ્થ બાળક સ્મિત વેરતું હોય તેવું બાળક સદાય શારીરિક રીતે સ્વીકાર્ય હોય છે. ખામીવાળું, અપંગ, ચશ્માધારી, બહેરુ કે ખોડખાપણ વાળું બાળક કુટુંબ કે સમાજમાં અસ્વીકૃત કે તિરસ્કૃત બને છે બાળકના સામાજિક સમાયોજન ના સંવાદિત સુવિકાસ માટે તે શારીરિક રીતે સ્વસ્થ હોવું આવશ્યક છે બાળકની શારીરિક ખામીઓ તેના દરેક પ્રકારના વિકાસમાં અંતરાય રૂપ બને છે. બાળકોમાં જોવા માટે શારીરિક ખામીઓને એચ.બી. ઇંગલિશ બે વિભાગમાં વહેંચે છે.(1) સામાન્ય ખામીઓ: જેમાં અંતઃસ્ત્રાવી ગ્રંથિઓ, ચેતાતંત્રની ખામી, પોષણની ખામી, અપંગત્વ વગેરે. (2) વિશિષ્ટ ખામીઓ: જેમાં દ્રષ્ટિ, શ્રવણ અને વાણીની ખામીઓનો સમાવેશ થાય છે. બાળકોમાં સામાન્ય રીતે આંખની ખામીઓ વધારે પ્રમાણમાં જોવા મળે છે. યંગ નામના મનોવૈજ્ઞાનિક જણાવે છે કે 40% બાળકોમાં એક અથવા બીજા પ્રકારની આંખની ખામી જોવા મળે છે પશ્ચિમના દેશો કરતા ભારતમાં આંખની ખામી નું પ્રમાણ વધારે છે. સામાન્યતઃ તેમાં ટૂંકી દૃષ્ટિ, લાંબી દ્રષ્ટિ, ત્રાંસી આંખ,એસ્ટીગ્મેટિઝમ, રંગાધતા, રતાંધળાપણું નો સમાવેશ થાય છે તેની જ સરખામણીમાં શ્રવણની ખામી અને વાણીની ખામી નું પણ એટલું જ મહત્વ બાળકના સમાયોજનની પ્રક્રિયાને અસર કરે છે.આજનો સમય વિજ્ઞાન અને ટેકનોલોજી ના યુગ છે આ સ્પર્ધાત્મક યુગ સરકાર દ્વારા સમાવેશક શિક્ષણ(Inclusive Education) પર ભાર મુકવામાં આવી રહ્યો છે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020) પણ દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે સમાન અને સહાયકારી શિક્ષણ પ્રણાલીની જરૂરિયાત પર ભાર મૂકે છે. તેમ છતાં શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત વિદ્યાર્થીઓને સમાયોજન ને પ્રભાવિત કરનાર પ્રશ્નો હજુ પણ અગત્યતા ધરાવે છે. શૈક્ષણિક અવરોધ, સામાજિક સ્વીકૃતિ ની સમસ્યાઓ, સાધન સામગ્રી અને સંવાદની સુલભતા, આત્મવિશ્વાસ નો અભાવ તેમજ સામાજિક ભાવનાત્મક પડકારો વિદ્યાર્થીઓને સમાયોજન સાધવામાં મુશ્કેલી ઊભી કરે છે. વર્તમાન વિશ્વની 10% વસ્તી શારીરિક રીતે વિકલાંગ લોકોની છે તેમાંથી 8%વસ્તીએ વિકાસશીલ દેશોમાં રહે છે. વિકલાંગ બાળકોની સંખ્યા ધારીએ તેના કરતાં વિશેષ જોવા મળે છે. વિશ્વમાં 2% બાળકો વિકલાંગતા (કોઈને કોઈ શારીરિક ખોડખાંપણ) ધરાવે છે.

પ્રસ્તુત અભ્યાસ ભાવનગર જિલ્લામાં વસવાટ કરતા સાધારણ અને શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત વ્યક્તિઓના સમાયોજનનો તુલનાત્મક અભ્યાસ કરવાનો છે. જ્યારે સમગ્ર સમાજનો વિકાસ કરવાનો હોય ત્યારે શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત વ્યક્તિઓના વિકાસ તરફ ધ્યાન આપવું અત્યંત જરૂરી થઈ પડે છે. શારીરિક રીતે લોકોનો વિકાસ થશે તો જ સંપૂર્ણ સમાજનો વિકાસ થયો ગણાય છે પ્રસ્તુત સંશોધન સાધારણ અને શારીરિક રીતે વ્યક્તિઓના સમાયોજન અંગેનું માપન કરવાનો છે.

- સંશોધન શબ્દની વ્યાખ્યા:

સાધારણ વ્યક્તિ

 ISSN: 2349-6002

"સાધારણ એટલે એવા વ્યક્તિઓ જેમને કોઈ શારીરિક બીમારી કે ખોડખાપણ ન હોય"

શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત વ્યક્તિ

"અંગોની કાર્યક્ષમતાની ખામી કે અભાવને અક્ષમતા કહે છે"

થોમસ (1978)

"શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત એટલે જન્મજાત કે અકસ્માત દ્વારા આવેલ ક્ષતિ"

સમાયોજન

" સમાયોજન એટલે પોતાની જરૂરિયાત સંતોષ અને પોતાના વાતાવરણ વચ્ચે સુમેળ સાધવાના વ્યક્તિના પ્રયત્નોની અસરકારકતા"

-જેમ્સ કોલમેન

" સમાયોજન એ વ્યક્તિ અને તેના વાતાવરણ વચ્ચેની સુમેળની પ્રક્રિયા છે"

-સોરેન્સન અને મામ

## સંશોધન સાહિત્ય સમીક્ષા

1. શીર્ષક:"અમદાવાદ શહેરમાં ધોરણ-9અને ધોરણ-11 ના વિદ્યાર્થીઓ માં સામાજિક સમાયોજન અંગેનો અભ્યાસ"

અભ્યાસક: રોહિત.જે. એમ (2014)

સાધન-સામગ્રી: અહીં ડૉ.આર.સી.દેવા(1990) રચિત સમાયોજન સંશોધનિકા નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

નિદર્શ: પ્રસ્તુત અભ્યાસમાં કુલ 120 વિદ્યાર્થીઓ જેમાં 60 (30 છોકરાઓ અને 30 છોકરીઓ) ધોરણ-9 ના અને 60 (30 છોકરાઓ અને છોકરીઓ) ધોરણ-11 ના વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

આંકડાશાસ્ત્રી: અધ્યયનના હેતુને સિદ્ધ કરવા માટે આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિ તરીકે 't'પરીક્ષણ નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

તારણો: (1) અમદાવાદ શહેરમાં ધોરણ-9 અને ધોરણ-11 ના વિદ્યાર્થીઓ માં સામાજિક સમાયોજનમાં કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી. (2) અમદાવાદ શહેરમાં ધોરણ-9 અને ધોરણ 11 ના વિદ્યાર્થીઓ માં આવેગિક સમાયોજનમાં કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી.

2. શીર્ષક: "વિદ્યાર્થીઓના રહેઠાણ સાથેના સંબંધનો સામાજિક સમાયોજન અંગેનો અભ્યાસ"

અભ્યાસક: ચૌધરી.એન. (2014)

સાધન-સામગ્રી: અહીં હરકાંત બદામી 1989 રચિત સમાયોજન સંશોધનિકા નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

નિદર્શ: પ્રસ્તુત અભ્યાસના હેતુને ધ્યાનમાં રાખીને કુલ 120 કોલેજ વિદ્યાર્થીઓ જેમાં 60 ગામડાના અને 60 શહેરના વલસાડ જિલ્લા માંથી વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

આંકડાશાસ્ત્રીય: અધ્યયનના હેતુને સિદ્ધ કરવા માટે આંકડાશાસ્ત્રી પ્રયુક્તિ તરીકે 't' પરીક્ષણનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

તારણો: (1) કોલેજમાં વિદ્યાર્થીઓના રહેઠાણ સાથેના સંબંધ ગામડા અને શહેરના સામાજિક સમાયોજન અંગે સાર્થક તફાવત જોવા મળે છે. (2) ગામડાના વિદ્યાર્થીઓ કરતા શહેરના વિદ્યાર્થીઓ સામાજિક રીતે વધુ સમાયોજિત છે.

3. શીર્ષક:"શરમાળ અને ઓછા બોલા નાના બાળકોનું ભાષાકીય અને સામાજિક-આવેગિક સમાયોજન"

 ISSN: 2349-6002

સ્થાન: ડિપાર્ટમેન્ટ ઓફ સાયકોલોજી ક્લટોન યુનિવર્સિટી,કેનેડા.

હેતુ: આ અભ્યાસનો હેતુ ઓછાબોલા અને શરમાળ કે જે 6 થી 7 વર્ષની વય ધરાવે છે તેઓની બોલવામાં ખામી તેમજ તેમનું સામાજિક કાર્યકર સમાયોજનો અભ્યાસ કરવો.

નિદર્શ: આ અભ્યાસ માટે કુલ 167 બાળકો જે 6 થી 7ની વય ધરાવે છે તેમને સરકારી પ્રાથમિક શાળાઓમાંથી નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

સાધનો: મલ્ટી સ્ટોર એસેસમેન્ટ

નિષ્કર્ષ: પ્રસ્તુત સંશોધનનો નિષ્કર્ષ એ નીકળે છે કે નાની ઉંમરના બાળકો જે શરમાળ છે અને ઓછા બોલવાની ખામી ધરાવે છે તેમને વિશ્વ પ્રજા તરીકે અપનાવવામાં આવે તો તેઓ સામાજિક આર્થિક સમાયોજન મેળવી શકે છે તે ચોક્કસ હકારાત્મક લાભ થાય છે.

## હેતુઓ

1. જાતિના સંદર્ભમાં (છોકરા-છોકરીઓ) ના સમાયોજન નું માપન કરવું
2. બાળકનો પ્રકાર (સાધારણ અને શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત) ના આધારે સમાયોજનો માપન કરવું
3. જાતિ અને બાળકના પ્રકારના આધારે સમાયોજન નું માપન કરવું
4. સાધારણ (છોકરા- છોકરી) અને શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત (છોકરા- છોકરી) ના સમાયોજન નું માપન કરવું.

## ઉત્કલ્પના

આ સંશોધનમાં શૂન્ય ઉત્કલ્પના પસંદ કરવામાં આવી છે જે આ પ્રમાણે છે.

1. જાતિના સંદર્ભમાં (છોકરા-છોકરીઓ) ના સમાયોજન ના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.
2. બાળકનો પ્રકાર (સાધારણ અને શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત) ના આધારે સમાયોજન ના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.
3. જાતિ અને બાળકના પ્રકારના આધારે સમાયોજન ના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.
4. સાધારણ (છોકરા- છોકરી) અને શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત (છોકરા- છોકરી) ઓના સમાયોજનના પ્રાપ્તાંકો ની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

## પરિવત્યૉ

સ્વતંત્ર પરિવર્ત્ય

A. જાતિ: A1 છોકરા

A2 છોકરી

B. બાળકનો પ્રકાર: B1 સાધારણ

B2 શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત

આધારિત પરિવર્ત્ય


ડૉ.પેની.જૈન(1989) દ્વારા રચિત સમાયોજન માપન કસોટી લીધેલ છે આ કસોટી મૂળ હિન્દી ભાષામાં છે તેનું સંશોધક (2021) દ્વારા ભાષાનુવાદઅને ભાવાનુંવાદ કરી પ્રમાણિત ગુજરાતી અનુવાદનો ઉપયોગ કરવામાં આવ્યો છે જેની અંદર કુલ 50 વિધાનો નો સમાવેશ કરવામાં આવેલ છે તેના આધારે વિદ્યાર્થી ઓમા( સાધારણ અને શારીરિક રીતે ક્ષિતિ ગ્રસ્ત) સમાયોજન ના પ્રાપ્તાંકોનું માપન કરવું.

નિયંત્રિત પરિવર્ત્ય

ભાવનગર જિલ્લાના સાધારણ અને શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત (12થી18) વર્ષનો જ સમાવેશ કરવામાં આવશે.

સંશોધન ડિઝાઇન

સાધારણ અને શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત વિદ્યાર્થીઓના સમાયોજનનો તુલનાત્મક અભ્યાસ




વ્યાપવિશ્વ/ નમુનો

પ્રસ્તુત અભ્યાસ સંશોધનમાં વ્યાપ વિશ્વ તરીકે ભાવનગર જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે ભાવનગર જિલ્લાના સાધારણ અને શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત વિદ્યાર્થીઓને સાદા યાદચ્છિક નિદર્શ પદ્ધતિ દ્વારા નમૂનાની પસંદગી કરવામાં આવે છે અહીં સ્વતંત્ર પરિવર્ત્યને ધ્યાનમાં રાખીને નમૂનાની પસંદગી કરવામાં આવી છે જે નીચે મુજબ છે.

જાતિ: છોકરા

છોકરી

બાળકનો પ્રકાર: સાધારણ

શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત

નમુનામાં સમાવિષ્ટ પસંદ થયેલા છોકરા અને છોકરીઓની સંખ્યા દર્શાવતું કોષ્ટક.

| બાળકનો પ્રકાર (B) | જાતિ (A) | | કુલ |
|---|---|---|---|
| | છોકરા (A1) | છોકરી (A2) | |
| સાધારણ (B1) | 30 | 30 | 60 |
| શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત (B2) | 30 | 30 | 60 |
| કુલ | 60 | 60 | 120 |

સાધન સામગ્રી

પ્રસ્તુત સંશોધનમાં હેતુને ધ્યાનમાં રાખી નીચે પ્રમાણેના માપનના સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે.

વ્યક્તિગત માહિતી પત્રક :

વ્યક્તિગત માહિતી પત્રક મૂળભૂત રીતે હેતુઓ પરથી તૈયાર કરવામાં આવ્યું છે જેમાં વ્યક્તિનું નામ, શાખા, માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળા, કોલેજ અને જાતિમાં છોકરા છોકરી વગેરેની માહિતી એકત્રિત કરવા માટેની હતી.

સમાયોજન કસોટી:

ડૉ.પેની.જૈન(1989) દ્વારા રચિત સમાયોજન સંશોધનિકા નો ઉપયોગ કરવામાં આવ્યો છે આ કસોટી મૂળ હિન્દી ભાષામાં છે, પરંતુ તેનું સંશોધક (2021) દ્વારા ભાષાનુંવાદ અને ભાવાનુંવાદ કરી પ્રમાણિત ગુજરાતી અનુવાદ નો ઉપયોગ કરવામાં આવ્યો છે આ કસોટીમાં કુલ-5 ઉપવિભાગો આપવામાં આવ્યા છે જેમાં ,કૌટુંબિક સમાયોજન, સામાજિક સમાયોજન, શૈક્ષણિક સમાયોજન, આર્થિક સમાયોજન અને આ વૈદિક સમાયોજન. જેમાં કુલ 50 વિધાનો નો સમાવેશ થાય છે જેમાં વધુમાં વધુ 50 (10×5) અને ઓછામાં ઓછા 0 ગુણ આપવામાં આવે છે જેમાં લાગુ પડતા વિધાન સામે(✓)નિશાની કરવામાં આવી છે અને જે લાગુ ન પડતું હોય તેને છોડી દેવામાં આવ્યું છે.

સંશોધન યોજના

પ્રસ્તુત સંશોધન બે પરિવર્ત્યની સરાસરીનો તફાવત શોધવા માટે 2×2 ફેક્ટોરીયલ ડિઝાઇન નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ( સાધારણ અને શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત) અને ( છોકરા અને છોકરી) એમ નિદર્શ લેવામાં

 ISSN: 2349-6002

આવ્યો હતો એમાં કુલ 120 નો નિદર્શ પસંદ કરવામાં આવ્યો હતો.

## સંશોધન પ્રક્રિયા/અર્થઘટન ની રીત

`ડૉ.પેની.જૈન(1989) દ્વારા રચિત સમાયોજન સંશોધનિકા નો ઉપયોગ કરવામાં આવ્યો છે આ કસોટી મૂળ હિન્દી ભાષામાં છે પરંતુ તેનું સંશોધક (2021) દ્વારા ભાષાનુંવાદ અને ભાવાનુંવાદ કરી પ્રમાણિત ગુજરાતી અનુવાદનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ગુજરાતી આવૃત્તિ નો પ્રાથમિક અભ્યાસ કર્યા બાદ તેની વિશ્વસનીયતા અને યથાર્થતા તપાસીયા બાદ કસોટી નો ઉપયોગ કરવામાં આવ્યો.

આ કસોટી માં કુલ-5 ઉપવિભાગો આપવામાં આવ્યા છે જેમાં કૌટુંબિક સમાયોજન, આવેગિક સમાયોજન,સામાજિક સમાયોજન, શૈક્ષણિક સમાયોજન અને આર્થિક સમાયોજન. જેમાં કુલ 50 વિધાનો નો સમાવેશ થાય છે જેમાં લાગુ પડતા વિધાનો સામે (✓) નિશાની કરવામાં આવી છે અને જે લાગુ ન પડતા હોય તેને છોડી દેવામાં આવ્યું છે આ કસોટીમાં વધુમાં વધુ 50 (10×5) અને ઓછામાં ઓછા 0 ગુણ મળી શકે છે. આમ, સમાયોજન સંશોધનિકામાં ઉત્તરદાતા એ કેટલો પ્રાપ્ત મેળવ્યો તેની માહિતી એકત્ર કરવામાં આવે છે.

## આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓ

પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત થયેલી માહિતીનુ"સ્કોરિંગ" પ્રમાણે મુલ્યાકન કરી પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યા ત્યાર પછી નીચે પ્રમાણેની આંકડાશાસ્ત્રીય પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો.

મધ્યક:

મધ્યવર્તી રિસ્થતિનું માપ નિરીક્ષકોની સંયુક્ત કિંમત છે. સર્વ નિરીક્ષણોની કુલ કિંમત ને નિરીક્ષણોની સંખ્યા વડે ભાગવાથી મળતી કિંમત છે. નિરીક્ષણોનું વિશ્વસનીય વર્ણન પ્રાપ્ત કરવા મધ્યકનો ઉપયોગ કરે છે.

પ્રમાણિત વિચલન:

નિરીક્ષણમાં પ્રમાણ જાણવામાં અને માપ મેળવવામાં પ્રમાણિત વિચલન પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવેલ છે. મધ્યકથી નિરિક્ષણ કેટલું દુર કે નજીક પથરાયેલ છે તે જાણવા આ પ્રયુક્તિનો ઉપયોગ કરવામા આવે છે

‘t’ પરિક્ષણ:

બે નિદર્શો વચ્ચે જણાવેલ તફાવતનો બંને સમષ્ટિમાં અસ્તિત્વ રહેલું છે કે કેમ તે નક્કી કરવા માટે જે મધ્યકો વચ્ચેના તફાવતોની સાર્થકતા ચકાસે છે આ ગુણોતર નિદર્શના માપ ઉપરથી સમાવિષ્ટ માપ વિશે આગાહી કે.. અનુમાન કરવામાં મદદરૂપ કરે છે.

આકડાશાસ્ત્રીય ગણતરી:

કોષ્ટક-1: જાતિના સંદર્ભમાં છોકરા- છોકરીઓના સમાયોજન વચ્ચે સરાસરી અને 't' મૂલ્ય.

| જાતિ | N | M | SD | ‘t’ મુલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|
| છોકરા | 60 | 35.20 | 5.62 | 0.51 | 0.05 N.S |
| છોકરી | 60 | 35.92 | 6.99 | | |

પ્રાપ્ત પરિણામ કોષ્ટકન-1 ઉપરથી જોઈતા ખ્યાલ આવે છે કે જાતિના સંદર્ભમાં છોકરા- છોકરીઓના સમાયોજન અંગેનું ‘t’ મૂલ્ય 0.51 પ્રાપ્ત થાય છે. જે 0.05 લેવલે અસાર્થકતા ધરાવે છે. તેથી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે. છોકરા- છોકરીઓના સમાયોજન વચ્ચે તફાવત રહેલો નથી.

કોષ્ટક-2: બાળકના પ્રકાર સાધારણ અને શારીરિક રીતે ક્ષતિગ્રસ્તના આધારે સમાયોજન વચ્ચે સરાસરી અને 't' મૂલ્ય

| બાળકનો પ્રકાર | N | M | SD | 't' મુલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|
| સાધારણ | 60 | 37.07 | 5.38 | 3.03 | 0.05 sig |
| શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત | 60 | 32.81 | 7.42 | | |

પ્રાપ્ત પરિણામ કોષ્ટકન-2 ઉપરથી જોઈતા ખ્યાલ આવે છે કે બાળકના પ્રકાર સાધારણ અને શારીરિક રીતે ક્ષતિગ્રસ્તના આધારે સમાયોજન અંગેનું 't' મૂલ્ય 3.03 પ્રાપ્ત થાય છે. જે 0.05 લેવલે સાર્થકતા ધરાવે છે. તેથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. સાધારણ અને શારીરિક રીતે ક્ષતિગ્રસ્તના આધારે સમાયોજન વચ્ચે તફાવત રહેલો છે.

કોષ્ટક-3: જાતિ અને બાળકના પ્રકારના આધારે સમાયોજન વચ્ચે સરાસરી અને 't' મૂલ્ય.

| જાતિ અને બાળકનો પ્રકાર | N | M | SD | 't' મુલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|
| છોકરા અને છોકરી | 60 | 37.12 | 5.35 | 3.06 | 0.05 sig |
| સાધારણ અને શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત | 60 | 33.04 | 7.42 | | |

પ્રાપ્ત પરિણામ કોષ્ટકન-3 ઉપરથી જોઈતા ખ્યાલ આવે છે કે જાતિ અને બાળકના પ્રકારના આધારે સમાયોજન અંગેનું 't' મૂલ્ય 3.06 પ્રાપ્ત થાય છે. જે 0.05 લેવલે સાર્થકતા ધરાવે છે. તેથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. આમ જાતિ અને બાળકના પ્રકારના આધારે સમાયોજન વચ્ચે તફાવત રહેલો છે.

કોષ્ટક-4: સાધારણ (છોકરા અને છોકરી) અને શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત (છોકરા અને છોકરી) ના સમાયોજન વચ્ચે સરાસરી અને 't' મૂલ્ય

| બાળકનો પ્રકાર | N | M | SD | 't' મુલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|
| સાધારણ | 60 | 40.13 | 4.43 | 2.28 | 0.05 sig |
| શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત | 60 | 38.50 | 3.70 | | |

પ્રાપ્ત પરિણામ કોષ્ટકન-4 ઉપરથી જોઈતા ખ્યાલ આવે છે કે સાધારણ (છોકરા અને છોકરી) અને શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત (છોકરા અને છોકરી) ના સમાયોજન અંગેનું 't' મૂલ્ય 2.28 પ્રાપ્ત થાય છે. જે 0.05 લેવલે સાર્થકતા ધરાવે છે. તેથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. આમ સાધારણ (છોકરા અને છોકરી) અને શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત (છોકરા અને છોકરી) ના સમાયોજન વચ્ચે તફાવત રહેલો છે.

તારણો:

- બાળકના પ્રકાર (સાધારણ અને શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત)ના આધારે સમાયોજન વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.
- જાતિ (છોકરા- છોકરીઓ) ના સંદર્ભમાં સમાયોજન વચ્ચે સાર્થકતા જોવા મળતી નથી.

## સૂચનો

કોઈપણ વિજ્ઞાનમાં કારણો છે તો કોઈ જરૂરિયાત છે તેમ કહી શકાય વિવિધ ક્ષેત્રોમાં વિવિધ સંશોધનો થતા હોયછે કોઈ પણ બાબતને સમજવા માટે સંશોધનો થવા જરૂરી છે પરંતુ પ્રસ્તુત સંશોધનમાં રહી ગયેલી મર્યાદા ઓને ઉકેલવા માટે તેમજ ભવિષ્યમાં આક્ષેત્રમાં વધુ સારા સંશોધનો થાય એવા હેતુથી નીચે દર્શાવવામાં આવેલા સૂચનો મદદરૂપ થઈ શકશે

- પ્રસ્તુત સંશોધનમાં સમષ્ટિ તરીકે માત્ર ભાવનગર જિલ્લાનેજ પસંદ Efforts આવ્યો હતો પરંતુ આ ઉપરાંત અન્ય શહેરોની પણ પસંદગી થઈ શકે છે.
- પ્રસ્તુત સંશોધનમાં કુલ 120 નો નિદર્શ લેવામાં આવ્યો હતો પરંતુ તેમાં વધારે નમૂનો લઇ વ્યાપવિશ્વ વધારી શકાય છે અને જેમાં અહીં સંમાયોજન સંશોધનીકાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો જેમાં 50 પ્રશ્ન હતા.
- પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકઠી કરવા માટે પ્રશ્નાવલી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો પરંતુ આ સિવાય અન્ય પદ્ધતિનો પણ ઉપયોગ કરી શકાય જેમ કે, નિરીક્ષણ, ક્ષેત્રસર્વેક્ષણ, મુલાકાત વગેરે.

## સંદર્ભગ્રંથ


[1] અંજારિયા,ડી.આર (1986), "રોગો અને આહાર", અમદાવાદ ગોપાલ પ્રિન્ટસ, પૃષ્ટ-1

[2] ડૉ. તલાજીયા એન.સી., ડૉ. ગોહિલ.વી.સી અને સહ અધ્યાયી."બાળ મનોવિજ્ઞાન", પાર્શ્વ પબ્લિકેશન.

[3] ડૉ.ભાલાળા.જે.એન. અને ડૉ.કગથરા સી.બી અને સહ અધ્યાયી "બાળ મનોવિજ્ઞાન" સી. જમનાદાસ કંપની

[4] શાહ દીપક.આર અને સારડા સી.કે અને સહ અધ્યાયી "મનો રોગશાસ્ત્ર અને વ્યૈક્તિક સમાયોજનનુ મનોવિજ્ઞાન"સી જમનાદાસ કંપની.

[5] Internet website: www.http:// shodhganga Iflibnet.as